## વાપીમાં બિસમાર થયેલા રસ્તા એજન્સીના ખર્ચે રિપેર કરાશે

**વાપી** મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં ૧૪ કામને સર્વાનુમતે મંજૂરી



વાપી: વાપી શહેરમાં ભૂગર્ભ ગટર તેમજ પાણી પુરવઠાની કામગીરીમાં શહેરમાં જે જગ્યાએ રસ્તાઓ બેસી ગયા હોય તેમજ નુકસાન થયું હોય તો તેનું સામારકામ સંબંધિત અજન્સી પાસે કરાવવા માટે સ્થાયી સમિતિની બેઠકમાં જણાવાયું હતું. આ અંગે સંબંધિત એજન્સીઓને નોટિસ આપી રસ્તાનાં કામો કરવા માટે જણાવવા સ્થાયી સમિતિના ચેરમેન સતિષભાઈ પટેલે મનપાના અધિકારીઓને જણાવ્યું હતું. એટલું જ નહીં જો સંબંધિત એજન્સીઓ દ્વારા સમયમર્યાદામાં કામગીરી કરવામાં નહીં આવે તો વાપી મહાનગરપાલિકા દ્વારા નાગરિકોના હિતને પ્રાધાન્ય આપી તેઓના ખર્ચે અને જોખમે જરૂરી કામગીરી હાથ ધરવામાં આવશે.

વાપી મનપાની કચેરીમાં શુક્રવારે સવારે ૧૧.૩૦ કલાકે સ્થાયી સમિતિની બેઠક ચેરમેન સતિષભાઈની અધ્યક્ષતામાં મળી હતી. બેઠકમાં શહેરના વિકાસલક્ષી કાર્યો, નાગરિક સુવિધાઓના વિસ્તરણ તથા વિવિધ વિભાગોના વહીવટી અને નાણાકીય મુદ્દાઓને લગતા કુલ ૧૪ એજન્ડા મુદ્દાઓ તેમજ અન્ય ૧૧ મહત્વપૂર્ણ પ્રસ્તાવો પર વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી અને જરૂરી નિર્ણયો લેવામાં આવ્યા હતા. બેઠકમાં એજન્ડાના કામોને ચર્ચા વિચારણા કરી સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા.

પાણી પુરવઠા વિભાગની કામગીરી માટે કન્સલ્ટન્સી ફી તથા માલસામાનની ખરીદી માટેના બજેટમાં રૂ. ૨૫-૨૫ લાખનો વધારો મંજૂર કરવામાં આવ્યો હતો. જેમાં જૂન-૨૦૨૫ માસમાં થયેલ ખર્ચાને મંજૂરી આપવામાં આવી તેમજ પાણી પુરવઠા વિભાગના મરામતના અન્ય કાર્યોને પણ મંજૂરી આપવામાં આવી હતી.

વિવિધ વિસ્તારોમાં આર.સી.સી. ડ્રેનેજ પાઇપ લાઇન નાખવાના કામો તેમજ વિવિધ વિકાસલક્ષી કાર્યોના ટેન્ડરોને મંજૂરી આપવાના મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો. બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર એન. એફ. ચૌધરી સહિત અધિકારીઓ તેમજ સ્થાયી સમિતિના સભ્યો ઉપસ્થિત રહયા હતા.

### ચલાને પીવાનું પાણી મળી રહે તેવું આયોજન

વાપી મનપાની સ્થાયી સમિતિના ચેરમેન સતીષભાઈ પટેલે જણાવ્યું કે આગામી સમયમાં ચલા વિસ્તારના નગરજનોને વધુ માત્રામાં શુદ્ધ અને પૂરતું પીવાનું પાણી ઉપલબ્ધ થઈ રહે તે માટે જરૂરી આયોજન હાથ ધરવામાં આવશે. આ માટે પાણી પુરવઠાની હાલની વ્યવસ્થાનું મૂલ્યાંકન કરી પાણીના સ્ત્રોતોમાં વધારો કરવામાં આવશે.



## રોહિયાળ નજીક પાંડવ કૂંડને પ્રવાસનધામ તરીકે વિકાસોવો

**કુદરતી** સૌંદર્ય વચ્ચે આ સ્થળ હોવાથી પ્રવાસનધામ તરીકે વિકસાવવામાં આવે તો રોજગારીની તકો ઊભી થશે

વલસાડ: વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં આવેલા રોહિયાળ તલાટ ગામ નજીકનું ઐતિહાસિક પાંડવકુંડ કે જેને સ્થાનિકો ધારકુંડ તરીકે પણ ઓળખે છે. અફાટ કુદરતી સૌંદર્યથી ભરપૂર પાંડવ કૂંડ ખાતે તંત્રે થોડી સુવિધા ઉભી કરી છે. તે પૂરતી નથી.

જેથી હવે સ્થાનિક ગ્રામજનો આ સ્થળને પ્રવાસનધામ તરીકે વિકસાવવાની માંગ કરી રહ્યા છે. જેને લઈ અહીં રોજગારી પણ ઊભી થઈ શકે. સ્થાનિક લોકવાયકા મુજબ મહાભારતકાળ દરમિયાન પાંડવો વનવાસ દરમિયાન આ વિસ્તારમાં રોકાયા હતા, જેના કારણે આ સ્થળને પાંડવકૂંડ તરીકે ઓળખવામાં આવે છે. પાંડવ કૂંડમાં આખું વર્ષ પાણી ભરપૂર રહે છે.

કપરાડા તાલુકાને દક્ષિણ ગુજરાતનું ચેરાપુંજી કહેવાય છે. વરસાદી ઋતુમાં ધોધ અને ખડકો વચ્ચે વહેતું પાણી આ સ્થળને વધુ આકર્ષક બનાવે છે. કુદરતી સૌંદર્યથી ભરપૂર આ સ્થળે મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવી શકે તેવી સંભાવનાઓ છે. સ્થાનિક ગ્રામજનોનું કહેવું છે કે સરકાર દ્વારા પાંડવકુંડને પ્રવાસનધામ તરીકે વિકસાવી અહીં રસ્તા, સુરક્ષા, બેસવાની વ્યવસ્થા, પાર્કિંગ અને અન્ય મૂળભૂત સુવિધાઓ ઉભી કરવામાં આવે તો આ સ્થળ દક્ષિણ ગુજરાતનું મહત્વપૂર્ણ પ્રવાસન કેન્દ્ર બની શકે છે. સાથે જ સ્થાનિક લોકોને રોજગારીની નવી તકો પણ મળશે.

હાલ અહીં શૌચાલય અને પીવાના પાણીની ટાંકી હોવા છતાં નિયમિત વીજળીના અભાવે તેમાં પાણી ન આવતા પ્રવાસીઓ વિશેષ કરી મહિલાઓને મુશ્કેલી નડે છે. સાથે વિસ્તારને પુરાણ કરવાની પણ આવશ્યકતા રહેલી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### એસો. ઓફ વી ક્લબના ડિસ્ટ્રિક્ટ 323 F2ના નવા પ્રમુખે પદગ્રહણ કર્યો




સુરત: ધી એસો. ઓફ વી ક્લબ ઓફ ઇન્ડિયાના ડિસ્ટ્રિક્ટ ૩૨૩ F ૨ના ૨૦૨૬-૨૭ના વર્ષ માટે ડિસ્ટ્રિક્ટ પ્રમુખ જિજ્ઞાશા હરીશ પારેખનો પદગ્રહણ સમારંભ પ્રદેશ ભાજપ મહિલા મોરચાના અધ્યક્ષા અંજુ વેકરીયાના મુખ્ય મહેમાન પદે યોજાયો હતો, આ પ્રસંગે નવસારીના ડેપ્યુટી મેયર કેયુરી દેસાઈ, માજી ધારાસભ્ય પિયુષભાઇ દેસાઇ, ક્રેડાઇ ગુજરાતના વાઇસ પ્રેસિડેન્ટ ભરત સુખડિયા, ચેમ્બરના પ્રમુખ હરીશ મંગલાણી, મહામંત્રી જીતુભાઇ, સિનિયર સીટીઝન કલબના પ્રમુખ ઉમેશભાઇ સહિત નવસારીના અગ્રણીઓ સાથે વી ક્લબ ઓફ ઇન્ડિયાના વાપીથી તાપી વિસ્તારના હોદ્દેદારો, માજી પ્રમુખો ઉપસ્થિત રહ્યાં હતાં. શપથવિધિ નડિયાદથી પધારેલા હાઇકોર્ટના એડવોકેટ રક્ષા મહેતાએ કરાવી હતી. આ પ્રસંગે ભાજપ મહિલ મોરચાના અધ્યક્ષા, ડે.મેયર કેયુરી દેસાઈ, સંસ્થાના માજી પ્રમુખો દ્વારા ઉદ્દબોધન કરાયું હતું. સંચાલન મેઘનાબેન અને આભારવિધિ બિંદુબેને કરી હતી.

### આહવા તાલુકા નેચરલ ફાર્મ પ્રોડક્ટ પ્રોડ્યુસર કંપનીની બેઠક યોજાઈ




સાપુતારા: ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને સંસ્થાના પ્રમુખ વિજયભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને શુક્રવારે આહવા ખાતે 'આહવા તાલુકા નેચરલ ફાર્મ પ્રોડક્ટ પ્રોડ્યુસર કંપની લીમીટેડ'ની બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની FPO ઓફિસ/વેચાણ કેન્દ્ર બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં 'આહવા તાલુકા નેચરલ ફાર્મ પ્રોડક્ટ પ્રોડ્યુસર કંપની લીમીટેડ' અંગેના મહત્વના નિર્ણયો તેમજ એજન્ડા અંગે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં આગામી બિઝનેસ પ્લાનની વિસ્તૃત સમીક્ષા, સંસ્થાના તમામ બાકી પેમેન્ટોની સત્વરે ચૂકવણી, આહવા અને સાપુતારા વેચાણ કેન્દ્રો માટે ઓર્ગેનિક ઉત્પાદનોનો નવો સ્ટોક લાવવો, નાણાકીય વ્યવહારો સરળ બનાવવા ઈન્ટરનેટ બેન્કિંગ સુવિધા શરૂ કરવી તેમજ આગામી વાર્ષિક સાધારણ સભાનો સમય અને રૂપરેખા નક્કી કરવાના મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં સંસ્થાના CEO આકાશભાઈ આહિર સહિતના તમામ સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

### પારડીના સુખલાવમાં ઇલેક્ટ્રિક રિપેરિંગ કરતાં યુવાનને કરંટ લાગતા નીચે પડતાં જીવ ગયો



પારડી: પારડી સોનવાડા ગામે નિશાળ ફળિયામાં રહેતા અંકિતભાઈ રમેશભાઈ પટેલ (ઉં.વ.૩૧) સુખલાવ ગામના અટવાડા ફળિયામાં આવેલા સુનિલભાઈ ચતુરભાઈ પટેલના ઘરના આંગણે ઇલેક્ટ્રિક રિપેરિંગનું કામ કરવા માટે ગયા હતા. સાંજે કામ કરતી વખતે અચાનક શોર્ટ સર્કિટ અથવા કરંટ લાગવાને કારણે તેઓ ઇલેક્ટ્રિક થાંભલા પરથી નીચે પટકાયા હતા. કરંટ અને નીચે પડવાને કારણે તેમના શરીર તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તુરંત જ તેમને સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. પરંતુ ફરજ પરના ડોક્ટરે અંકિત પટેલને મૃત જાહેર કર્યા હતા. આ ઘટના અંગે મૃતકના નાના ભાઈ દિવ્યેશ રમેશભાઈ પટેલે પારડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. વધુ તપાસ પોલીસે હાથ ધરી છે.

### જીરવલ ખાતે ટેમ્પોએ અડફેટે લેતાં બાઈકચાલકનું મોત

વલસાડ: નાનાપોંઢા તાલુકાના જીરવલ વારોલીથી જામ ગભાણ માર્ગ ઉપરથી બાઇક (નં. જીજે 15 બીક્યું 9950)ના ચાલક અમરતભાઇ ચીમનભાઇ ભોયા (રહે.,આંબા જંગલ, ધોડી ફળિયા, કપરાડા) તેજસભાઇ બાબલુ ભાઈ ભોયા સાથે કોઈ કામ અર્થે પસાર થઈ રહ્યા હતા. તે સમયે ટાટા ટેમ્પો (નં. જીજે 17 એક્સ એક્સ 6286)ના ચાલક લક્ષ્મણભાઈ દગડુ ભાઈ ગાવઠા (રહે., કરજુંન, બરડા ફળિયું)એ બાઈકને અડફેટે લેતાં બંનેને ગંભીર ઇજા થતાં સારવાર માટે ચિરંજીવી હોસ્પિટલ નાનાપોંઢા લઇ જતાં અમૃતભાઈ ભોયાને તબીબે મૃત જાહેર કર્યા હતા, જ્યારે તેજસભાઈ ભોયાની સારવાર ચાલી રહી છે. નાનાપોંઢા પોલીસમાં લક્ષ્મણભાઈ દગડુભાઈ ગાવઠા સામે ફરિયાદ નોંધાઈ હતી.

## ઘન કચરાના નિકાલમાં આધુનિક ટેકનોલોજી જરૂરી: કનુભાઈ

**વાપીમાં** નાણાં મંત્રી કનુભાઈએ ચંડોરમાં ઘન કચરાના નિકાલ માટે ડેમો પ્લાન્ટનું નિરીક્ષણ કર્યુ



વાપી: વાપી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચંડોર ખાતે કાર્યરત ઘન કચરાના નિકાલ સાઈટ ઉપર શહેરમાં ઉત્પન્ન થતા ઘન કચરાના વૈજ્ઞાનિક અને પર્યાવરણમૈત્રી નિકાલ માટે આધુનિક ટેકનોલોજી આધારિત ડેમો પ્લાન્ટની કાર્યપદ્ધતિનું શનિવારે વાપી વિસ્તારના ધારાસભ્ય તેમજ શહેર વિકાસ અને નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ મનપાની ટીમ સાથે સ્થળ ઉપર ઘન કચરાના નિકાલની કાર્યપદ્ધતિનું નિરીક્ષણ કર્યુ હતું. કનુભાઈએ જણાવ્યું હતું કે, વધતા શહેરીકરણની સાથે ઘન કચરાના વૈજ્ઞાનિક વ્યવસ્થાપન માટે નવીન અને આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ સમયની આવશ્યકતા છે. સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણને પ્રાથમિકતા આપતા ગુજરાત સરકાર દ્વારા શહેરોને વધુ સ્વચ્છ, હરિયાળા અને ટકાઉ બનાવવાની દિશામાં સતત પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ આધુનિક ટેકનોલોજીના અસરકારક અમલીકરણથી શહેરમાંથી દરરોજ એકત્ર થતા ઘન કચરાનો ૧૦૦ ટકા વૈજ્ઞાનિક અને સરળ નિકાલ શક્ય બનશે.

આ સમયે વાપીના મ્યુનિસિપલ કમિશનર એન. એફ. ચૌધરી, સ્થાયી સમિતિના અધ્યક્ષ સતિશભાઈ પટેલ, નાયબ મ્યુનિસિપલ કમિશનર કિરણસિંહ રણા, એસ.બી.એમ. કન્સલ્ટન્ટ રાહુલ શર્મા, સેનેટરી ઈન્સ્પેક્ટર રઘુવીર આહીર તેમજ કોડીનાર નગરપાલિકા તરફથી પ્રમુખ શિવાભાઈ ગોહિલ, ચીફ ઓફિસર બી. આર. ગોહિલ અને સેનેટરી ઈન્સ્પેક્ટર ભાવેશભાઈ ઝાલા ઉપસ્થિત રહ્યા હતા.

## વલસાડમાં આર્મી જવાન અને ચીફ ઓફિસરના નામે છેતરપિંડી

**સાઇબર** ઠગોએ વેપારી સાથે રૂ.૫૯,૯૯૧ની ઠગાઇ કરી, આર્મી કેમ્પમાં દહીં-દૂધ જોઇતું હોવાનું કહી વિશ્વાસ કેળવ્યો હતો

વલસાડ: વલસાડ સ્ટેશન રોડ પર ડેરી પાર્લર ચલાવતા એક વેપારીને આર્મી કેમ્પ માટે દૂધ-દહીંનો મોટો ઓર્ડર આપવાના બહાને ઝાંસામાં લઈ, સાયબર ગઠિયાઓએ ગુગલ પ્લે સ્ટોર પરથી એપ્લિકેશન ડાઉનલોડ કરાવી વેપારીના બેંક ખાતામાંથી ૫૯,૯૯૧ની ઓનલાઈન મત્તા સેરવી લઇ તેની સાથે ઠગાઈ કરી હતી.

વલસાડના નાનકવાડા વિસ્તારમાં રહેતા અને અદીના પેલેસ હોટલની સામે 'ફેમેલી પાર્લર' નામની અમુલ પ્રોડક્ટ્સની દુકાન ચલાવતા પૂર્વેશકુમાર મહેન્દ્રભાઈ કાપડી (ઉ.વ. ૪૯) ગત ૨ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ પોતાની દુકાને હાજર હતા. તે દરમિયાન રાત્રે નવેક વાગ્યે તેમના મોબાઈલ પર એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે હિન્દી ભાષામાં પોતાની ઓળખ 'સતિષકુમાર' નામના આર્મી જવાન તરીકે આપી હતી. તેણે જણાવ્યું હતું કે, વલસાડ પોલિટેકનિક કોલેજ ખાતે તેમનો આર્મી કેમ્પ લાગેલો છે, જ્યાં ૨૦ દિવસ સુધી દરરોજ ૪૦ લીટર ટેટ્રા પેક દૂધ અને ૨૦ કિલો દહીંની જરૂરિયાત છે. વેપારીએ એડવાન્સ પેમેન્ટની માંગણી કરતા, કથિત આર્મી જવાને કહ્યું હતું કે અમારા 'આર્મી ચીફ ઓફિસર' તમને વિડીયો કોલ કરીને પેમેન્ટ કરી દેશે.

બીજા દિવસે સવારે વેપારી પર અન્ય એક નંબર પરથી વિડીયો કોલ આવ્યો હતો. વિડીયો કોલ કરનાર ઈસમે ખાખી વર્દી પહેરેલી હોવાથી વેપારીને તે સાચો આર્મી ઓફિસર હોવાનો વિશ્વાસ બેસી ગયો હતો. આ ઠગે પેમેન્ટ કરવાના બહાને વેપારી પાસે તેમની બેંકની એપ્લિકેશન ઓપન કરાવી હતી અને એક બેંક એકાઉન્ટ નંબર આપી પૈસા ટ્રાન્સફર કરવા કહ્યું હતું. ટેકનિકલ કારણોસર પૈસા ટ્રાન્સફર ન થતાં, સાયબર ગઠિયાએ વેપારીને વિશ્વાસમાં લઈ તેમના મોબાઈલમાં 'મોબીક્વિક' (Mobikwik) નામની એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી.

એપ્લિકેશનમાં પ્રોસેસ કરાવીને ઠગે વેપારી પાસેથી ઓટીપી (OTP) મેળવી લીધો હતો. ઓટીપી મેળવતાની સાથે જ આરોપીઓએ વેપારીના ICICI બેંકના કરન્ટ એકાઉન્ટમાંથી કુલ ૫૯,૯૯૧ ઉપાડી લીધા હતા. વેપારીએ જ્યારે અન્ય એક વેપારીને નાણાં ચૂકવવા માટે પોતાની બેંક એપ્લિકેશન ખોલી, ત્યારે ખાતામાંથી રકમ ગાયબ હોવાનું માલૂમ પડ્યું હતું.

છેતરાયા હોવાની આશંકા જતા વેપારીએ સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર તુરંત જ ફરિયાદ નોંધાવી હતી. હેલ્પલાઈન પર અરજી કર્યા બાદ પણ નાણાં પરત ન મળતા આખરે વેપારી પૂર્વેશકુમારે વલસાડ પોલીસ સ્ટેશનમાં વિધિવત ફરિયાદ નોંધાવી છે. વલસાડ પોલીસે અજાણ્યા ઠગ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### ધરમપુરના મુરદડ ગામે બે પુત્રએ પિતાને મોતને ઘાટ ઉતાર્યો

ધરમપુર: ધરમપુર તાલુકાના મુરદડ ગામમાં ચકચાર મચાવતો બનાવ સામે આવ્યો છે. અહીં બે પુત્રએ પોતાના પિતાને કુહાડીના હાથાના ફટકા મારી મોતને ઘાટ ઉતાર્યાનો આરોપ છે. બનાવ અંગે ધરમપુર પોલીસે બંને પુત્રો સામે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, મુરદડ ગામના ધામળ ફળિયામાં રહેતા ભરતભાઈ મોતીરામભાઈ પવાર 10 જુલાઈની સાંજે દારૂના નશામાં ઘરે આવ્યા હતા. આ દરમિયાન તેમના પુત્રો વિઠ્ઠલભાઈ ભરતભાઈ પવાર અને યોગેશભાઈ ભરતભાઈ પવાર સાથે બોલાચાલી થઈ હતી. બોલાચાલી ઉગ્ર બનતાં બંનેએ કુહાડીના હાથા વડે ભરતભાઈના માથાના ભાગે ફટકા માર્યા હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે. ગંભીર ઈજા થતાં ભરતભાઈને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ અંગે ઈશ્વરભાઈ મોતીરામ ઉર્ફે મોતેભાઈ પવારે ધરમપુર પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી.

### વલસાડ- ધરમપુર રોડના અધુરા નિર્માણથી બાઈક સવારનો જીવ ગયો

વલસાડ: વલસાડના ધરમપુર રોડનું નવીનીકરણનું કાર્ય ચાલી રહ્યું છે. જેમાં ધરમપુર રોડ તો બનાવી દીધો છે, પરંતુ અહીં ડિવાઈડર જ બનાવ્યું નથી. વચ્ચે પહોળો રોડ આમ જ છોડી દેવાયો છે. જેના કારણે અનેક વાહનચાલકો ગુંચવાઈ જતાં હોય છે. આ જ કારણે આજરોજ અહીં એક બાઈકચાલક વૃદ્ધનું મોત નીપજ્યું હતુ. સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ વલસાડના ચણવઈ ગામના વૃદ્ધ મોહનભાઈ પટેલ પોતાની સ્પ્લેન્ડર બાઈક (નં. GJ 15 DF 1526) પર સવાર થઈ ધરમપુર રોડ પર આરટીઓ પાસેથી પસાર થઈ રહ્યા હતા, તે સમયે તેઓ આગળ ચાલી રહેલા ટ્રેલર (નં. MH 23 AU 6177)ની અડફેટે ચઢી ગયા હતા. ડિવાઈડરના અભાવે તેઓ ગુંચવાઈ ગયા અને અકસ્માતે ચઢી ગયા હતા. જેના પગલે ઘટના સ્થળે જ તેમનું મોત નીપજ્યું હતું. આ અકસ્માતના પગલે અહીં અનેક લોકો એકત્ર થઈ ગયા હતા.

## દમણ-દીવમાં મતદાર યાદી સુધારણા પ્રક્રિયા પૂર્ણ, 41 હજાર નામ કપાયાં

**દમણમાં** 35,375 અને દીવમાં 5,845 નામ રદ, કુલ 1.36 લાખ મતદારમાંથી 70 ટકા લોકોએ એસ.આઇ.આર. ફોર્મ ભર્યાં

દમણ: સંઘપ્રદેશ દાનહ અને દમણ-દીવમાં વિશેષ સઘન મતદાર યાદી સુધારણા (SIR) પ્રક્રિયા પૂર્ણ થઈ જવા પામી છે. દમણ-દીવની ડ્રાફ્ટ મતદાર યાદી જાહેર થયા બાદ આશરે 41 હજાર મતદારોના નામ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે. કુલ 1,36,364 નોંધાયેલા મતદારોમાંથી માત્ર 95,144 મતદારો (આશરે 70 ટકા) એ જ એસ.આઈ. આર. માટેના ફોર્મ જમા કરાવ્યા હોવાનું સામે આવ્યું છે. ડ્રાફ્ટ મતદાર યાદી મુજબ દમણ જિલ્લામાં કુલ 99,723 નોંધાયેલા મતદારોમાંથી 35,375 મતદારોના નામ કાપવામાં આવ્યા છે. તેમાં 33,746 મતદારો ગેરહાજર અથવા સ્થળાંતરિત હોવાનું સામે આવ્યું છે. 1,686 મતદારોના મૃત્યુ નોંધાયા છે, જ્યારે 467 મતદારોના નામ એકથી વધુ મતદાર યાદીમાં નોંધાયેલા હોવાનું જાણવા મળ્યું છે. એસ.આઈ.આર. પ્રક્રિયા બાદ હવે દમણ જિલ્લામાં 64,348 મતદારો બાકી રહ્યા છે.

દીવ જિલ્લામાં કુલ 36,641 નોંધાયેલા મતદારોમાંથી 5,845 મતદારોના નામ દૂર કરવામાં આવ્યા છે. તેમાં 5,322 મતદારો ગેરહાજર અથવા સ્થળાંતરિત, 457 મતદારો મૃત અને 66 મતદારોના નામ એકથી વધુ સ્થળે નોંધાયેલા હોવાનું બહાર આવ્યું છે. હવે દીવ જિલ્લામાં 30,796 મતદારો મતદાર યાદીમાં બાકી રહ્યા છે. આ રીતે દમણ-દીવમાં એસ.આઈ. આર. પ્રક્રિયા પૂર્ણ થયા બાદ કુલ 95,144 મતદારો મતદાર યાદીમાં યથાવત રહ્યા છે, જેમાં મોટાભાગે સ્થાનિક મતદારોનો સમાવેશ થાય છે.

અધિકારીઓના જણાવ્યા મુજબ હાલના પરપ્રાંતીય મતદારોમાં મોટાભાગના લોકોના નામ વર્ષ 2002ની મતદાર યાદીમાં નોંધાયેલા નહોતા. બાદમાં તેઓએ પોતાના મૂળ રાજ્યોમાં જ મતદાર તરીકે નોંધણી કરાવી હોવાથી અને સ્થળાંતર સહિતના કારણોસર તેમના નામ સ્થાનિક મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે. બીજી તરફ દાદરા-નગર હવેલી જિલ્લામાં પણ એસ.આઈ.આર. પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ડ્રાફ્ટ મતદાર યાદી જાહેર કરવામાં આવી હતી. જિલ્લામાં કુલ 2,91,672 નોંધાયેલા મતદારોમાંથી 85,674 મતદારોના નામ કાપવામાં આવ્યા છે. તેમાં 64,473 મતદારો ગેરહાજર મળી આવ્યા તથા 13,118 કાયમી સ્થળાંતરિત હોવાનું નોંધાયું છે. 5,581 મતદારોના મૃત્યુ થયા હોવાનું સામે આવ્યું છે. 2,084 મતદારોના નામ એકથી વધુ સ્થળે નોંધાયેલા હતા અને 418 અન્ય કારણોસર નામ દૂર કરાયા હતા. પરિણામે હવે જિલ્લામાં 2,05,998 મતદારો મતદાર યાદીમાં બાકી રહ્યા છે.

## વલસાડમાં શાકભાજી વેપારી પર લોખંડના પાઈપ વડે હુમલો

**છોકરાના** ઝઘડામાં વચ્ચે પડવા જેવી મામૂલી બાબતે હુમલો કરાયો

વલસાડ: વલસાડની રામવાડીમાં રહેતા અને શાકભાજીનો ધંધો કરતા ૩૨ વર્ષીય સુનિલભાઈ મોહનભાઈ પ્રજાપતિ ૧૦ જુલાઈ ૨૦૨૬ની રાત્રે સાડા દશ વાગ્યે મોગરાવાડી ગરનાળા થઈને ઘર તરફ જઈ રહ્યા હતા.

આ દરમિયાન પાદરદેવી મંદિર પાસે તેમના મિત્ર માણેક ગઢવીનો ૧૫ વર્ષનો દીકરો કરણ મળ્યો હતો. કરણે જણાવ્યું કે ગઈકાલે તેનો શાળાના છોકરાઓ સાથે ઝઘડો થયો હતો, જેમાં સમાધાન થઈ ગયું હોવા છતાં રિષભ સંતોષ ત્રિવારી હજી પણ મગજમારી કરે છે અને તે ભોલાભાઈની ટપરી પાસે બેઠો છે. આ સાંભળી સુનિલભાઈ કરણને સાથે રાખીને રિષભને સમજાવવા માટે ભોલાભાઈની ટપરી પર ગયા હતા.

સુનિલભાઈએ રિષભને 'નાના છોકરાઓ સાથે કેમ મગજમારી કરે છે?' તેમ પૂછતા જ રિષભ ઉશ્કેરાઈ ગયો હતો અને 'તું અમારા એરિયામાં આવીને ભાઈ બને છે' તેમ કહી રાજુભાઈ પટેલને વ્યક્તિને ફોન કરીને બોલાવ્યો હતો. થોડી જ વારમાં શ્રેયશ ત્રિપાઠી અને શિવમ ત્રિપાઠી ત્યાં આવી પહોંચ્યા હતા, જ્યારે રાજુભાઈ પટેલ હાથમાં લોખંડનો પાઈપ લઈને અન્ય સાગરીતો સાથે આવ્યા હતા. રાજુભાઈએ આવતાની સાથે જ સુનિલભાઈનો કોલર પકડીને કહ્યું કે, 'તુ તો મારો દુશ્મન છે, તું અમારા વિસ્તારમાં રહીને અમને સપોર્ટ કરતો નથી' તેમ કહીને લોખંડનો પાઈપ સીધો સુનિલભાઈના માથામાં ફટકારી દીધો હતો.આ દરમિયાન ત્યાં હાજર મિત દેસાઈ, દિવ્યરાજ, નિકુંજ, જેકી, ધ્રુવ પટેલ, સતિષ ઉર્ફે સતિયો, શૈલો, ત્રિશુલ પટેલ, સંજય ચૌહાણ, અન્ય ૩થી ૪ અજાણ્યા ઈસમોએ ગેરકાયદે મંડળી રચી હાથમાં લાકડાના દંડા તેમજ પ્લાસ્ટિકના પાઈપ વડે સુનિલભાઈ પર તૂટી પડ્યા હતા. જીવ બચાવવા ભાગી રહેલા સુનિલભાઈને પકડીને આરોપીઓએ તેમનું માથું દીવાલ સાથે પછાડ્યું હતું અને તેઓ નીચે પડી જતાં પીઠ તેમજ હાથ-પગના ભાગે આડેધડ ફટકા માર્યા હતા.

સુનિલભાઈ ગરનાળા તરફ ભાગવા જતાં ચક્કર આવવાથી નીચે ઢળી પડ્યા હતા. આ સમયે તેમના મિત્રો પ્રિન્સ ઉર્ફે બાલુ સાવંત અને પ્રભાત ત્રિપાઠી ત્યાં આવી જતાં તેમણે સુનિલભાઈને વધુ માર ખાતા બચાવ્યા હતા અને તાત્કાલિક 'ડોક્ટર હાઉસ હોસ્પિટલ' ખાતે સારવાર માટે દાખલ કર્યા હતા, જ્યાં હાલ તેમની સારવાર ચાલી રહી છે. આ હુમલા અંગે વલસાડ પોલીસે સુનિલભાઈ પ્રજાપતિની ફરિયાદના આધારે આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસે 13 સામે ફરિયાદ નોંધી હતી. જેમાં રીષભ સંતોષ તિવારી, રાજુ પટેલ, શ્રેયશ શીવકુમાર ત્રિપાઠી, શિવમ સંતોષભાઇ ત્રિપાઠી, મિત દેસાઈ, દિવ્યરાજ, નિકુંજ, જેકી, ધ્રુવ પટેલ, સતિષ ઉર્ફે સતિયો, શૈલો, ત્રિશુલ પટેલ અને સંજય ચૌહાણનો સમાવેશ થાય છે.

## કોટબાના ડેમમાં ડૂબી જતાં બાળકનું મોત

**પરિવાર** સહિત ગામમાં શોકનું મોજું પ્રસર્યું



સાપુતારા: આહવા તાલુકાનાં કોટબા ગામે અત્યંત ગમગીન ઘટના સામે આવી છે, જેમાં એક ૫ વર્ષીય માસૂમ બાળકનું ડેમના પાણીમાં ડૂબી જવાથી અકાળે અવસાન થયું છે. આ દુર્ઘટનાને પગલે મૃતક બાળકના પરિવાર સહિત સમગ્ર પંથકમાં ભારે અરેરાટી સાથે શોકની કાલીમા છવાઈ ગઈ છે.

કોટબા ગામના સાવરપાડા ફળિયામાં રહેતા રાજુભાઈ પવારનો ૫ વર્ષનો માસૂમ પુત્ર આયુષ રાજુભાઈ પવાર શનિવારે બપોરે બે વાગ્યે પોતાના ઘરની બહાર અન્ય બાળકો સાથે રમી રહ્યો હતો. રમતા રમતા બાળક અચાનક ક્યાંક ગુમ થઈ ગયો હતો. થોડીવાર બાદ આયુષ ક્યાંય ન દેખાતા તેની માતાને ચિંતા થઈ હતી અને તેણે આસપાસમાં તેની શોધખોળ આદરી હતી. માતાએ સાથે રમતા અન્ય બાળકોને પણ આયુષ વિશે પૂછપરછ કરી હતી, પરંતુ માસૂમ બાળકો આ અંગે કોઈ સચોટ માહિતી આપી શક્યા ન હતા. બાળકનો કોઈ પત્તો ન લાગતા આખરે માતાનો જીવ અધ્ધર થઈ ગયો હતો અને તે દોડતી ઘરની નજીક જ આવેલા ડેમ તરફ ગઈ હતી. બાળકની ભાળ મેળવવા માટે માતાની સાથે સ્થાનિક ગ્રામજનો પણ મોટી સંખ્યામાં તાત્કાલિક ડેમ કિનારે દોડી આવ્યા હતા. ગ્રામજનોએ ભારે જહેમત બાદ માસૂમ આયુષને ડેમના પાણીમાંથી બહાર કાઢ્યો હતો. તેને તુરંત જ તબીબી સારવાર આપવાના સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા.


## જાહેર નોટીશ

જત હમારા અસીલની સુચના અને ફરમાઈશ થયેથી જણાવવાનું કે, જિ. નવસારી, તા. નવસારીના મોજે આસુંદર ગામે આવેલ ખેતીની જમીન જેનું વર્ણન નીચે મુજબ છે.

| ખાતા નંબર | જુના બ્લોક નંબર | નવા બ્લોક નંબર | ક્ષેત્રફળ હે-આરે-ચો.મી. | આકાર રૂા. પૈસા |
|---|---|---|---|---|
| ૨૯૦ | ૫ | ૧૨ | ૨-૧૭-૮૮ | ૩૩.૨૯ |

ઉપરોક્ત ખેતીની જમીન મહેન્દ્રભાઈ મોહનભાઈ ભક્ત તથા ભારતીબેન મહેન્દ્રભાઈ ભક્તનાઓની સ્વતંત્ર માલિકી-કબ્જા-ભોગવટાની ચાલી આવેલ છે. જેઓએ મજકુર જમીન-મિલકતો ટાઈટલ કલીયર અને ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલ વાળી જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરી વેચાણથી આપેલ છે, અને તેમની પાસેથી સદરહું જમીનો હમારા અસીલે વેચાણથી રાખવાનું નક્કી કરેલ છે, તેમજ વેચાણ દસ્તાવેજને લગતી કાર્યવાહી ટૂંક સમયમાં હમારા અસીલ કરી લેનાર છે. આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામને જણાવવાનું કે ઉપરોક્ત મિલકત અન્વયે કોઈનો કોઈપણ જાતનો ચાર્જ, લિયન, બોજો, લાગ-ભાગ, હકક-હિત-હિસ્સો ચાલી આવેલ હોય તો તે અંગેના લેખિત પુરાવા સહિત દિન-૧૫ (પંદર) માં હમોને નીચે દર્શાવેલ સરનામે જાણ કરવી. મુદત દરમ્યાન આવી જાણ કરવામાં આવશે નહીં કે, ખાતરી આપવામાં આવશે નહીં તો હરકોઈનો મજકુર મિલકતમાં કોઈપણ જાતનો હકક-હિત-હિસ્સો, લાગ-ભાગ કે બોજો કે દર-દાવો નહીં હોવાનું અને હોય તો તે છોડી દીધો હોવાનું ગણાશે અને હમારા અસીલો ઉપર જણાવેલ મિલકતના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અંગેની કાર્યવાહી પૂર્ણ કરાવી લેશે જેની લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

હમારી સૂચનાથી, મારી મારફત, **પ્રકાશ વી. પટેલ**

તા. ૧૧-૦૭-૨૦૨૬ તે ખરીદ કરનારના એડવોકેટ

ઓફિસ: ૨૦૨, સિંધી સાંસ્કૃતિક ભવન, શંખેશ્વર સોસાયટી નજીક, કાલીયાવાડી, નવસારી. મો.: ૯૮૯૮૭૪૬૨૨૨